## શબ્દાવલિ

**Fred Talk** – વાંચતા પહેલા શબ્દના ધ્વનિ ઉચ્ચારી જોવા (સંમિશ્રણ)

**ધ્વનિ-સંમિશ્રણ** – શબ્દ બનાવવા માટે ધ્વનિને ભેળવવા, દા.ત. c–a–t – *cat*

**ખાસ મિત્રો** – એકથી વધુ અક્ષરોથી લખવામાં આવતા ધ્વનિઓ, દા.ત. **sh**, **ng**, **qu**, **ch**

**Speed Sounds** – એકલ ધ્વનિઓ જે શબ્દો બનાવે છે –



તમારા બાળકને વાર્તાઓ ભાવ સાથે વાંચી સંભળાવો! તમે વાર્તા માટે જેટલી વધુ ચાહના દાખવશો તેટલી તમારા બાળકમાં વાંચન પ્રત્યે ચાહના જાગશે.

Booklet 2 તમારા બાળકને વાંચવાની પ્રેક્ટિસ કરવામાં તમે કેવી રીતે મદદ કરી શકશો તે દર્શાવે છે.

- સેટ 2 અને 3 Speed Sounds
- Pink, Orange, Yellow, Blue અને Grey Storybooks.

https://www.ruthmiskin.com/en/find-out-more/parents/ વેબસાઈટ પર તમને તમારા બાળકને મદદરૂપ થવામાં મદદ કરે તેવી ઘણી વિડિયો ઉપલબ્ધ છે.

*Read Write Inc.*, વિશે વધુ જાણકારી માટે તમારા બાળકની સ્કૂલમાં જ સ્થિત *Read Write Inc.* મેનેજર સાથે વાત કરવા અથવા તો www.readwriteinc.com. વેબસાઈટની મુલાકાત લેવા મહેરબાની કરશો.

OXFORD UNIVERSITY PRESS

web www.oxfordprimary.co.uk
email primary.enquiries@oup.com
tel. +44 (0) 1536 452610

www.oup.com

Read Write Inc. Phonics

# ઘરે વાંચન

## Booklet 2

તમારું બાળક *Read Write Inc.*, નામના એક એકદમ પ્રચલિત અને સફળ વાંચન કાર્યક્રમ થકી વાંચવાનું શીખી રહ્યું છે. આ **દ્વિતીય પુસ્તિકા** તમે તમારા બાળકને કેવી રીતે ઝડપથી પ્રારંભ કરાવી શકશો તે દર્શાવશે.

તમારું બાળક એકદમ સરળ રીતે વાંચવાનું શીખી જશે. તેઃ

1. **અક્ષરોને** તેમના 'ધ્વનિ'થી વાંચવાનું શીખશે.
2. આ ધ્વનિઓ ભેળવીને **શબ્દો** બનાવશે.
3. **વાર્તામાંના** શબ્દો વાંચશે.



OXFORD

## મારૂં બાળક કેવી રીતે વાંચતા શીખશે?

તમારા બાળકે અત્યાર સુધીમાં નીચે જણાવેલ બધુ વાંચતા શીખી લીધુ હશે:

- Set 1 Speed Sounds: એકાક્ષરમાં લખાતા ધ્વનિઓ: **m a s d t i n p g o c k u b f e l h r j v y w z x** અને બે અક્ષરોમાં લખાતા આ ધ્વનિઓ (તમારૂં બાળક તેમને 'ખાસ મિત્રો' કહેશે): **sh th ch qu ng nk ck**
- આ શબ્દોમાં રહેલ ધ્વનિઓ ભેળવીને પૂરો શબ્દ વાંચવાનું e.g. m–a–t *mat*, c–a–t *cat*, g–o–t *got*, f–i–sh *fish*, s–p–o–t *spot*, b–e–s–t *best*, s–p–l–a–sh *splash*
- Blending Books અને Red, Green અને Purple Storybooks.

હવે તે આ વાંચતા શીખશે:

- Set 2 Speed Sounds: **ay ee igh ow oo oo ar or air ir ou oy**
- આ ધ્વનિઓવાળા શબ્દો
- Pink, Orange અને Yellow Storybooks.

ત્યારબાદ તે આ વાંચતા શીખશે:

- Set 3 Speed Sounds: **ea oi a-e i-e o-e u-e aw are ur er ow ai oa ew ire ear ure**
- આ ધ્વનિઓવાળા શબ્દો
- Blue અને Grey Storybooks.

## *તમારા બાળકનું વાંચન કેવી રીતે સાંભળવું*



- પહેલા તમારૂં બાળક તમને વાંચી સંભળાવે તે પછી જ તમે તે પુસ્તક વાંચી સંભળાવશો.
- તમારા બાળકને આખી વાર્તા વાંચતા પહેલા ધ્વનિઓ અને શબ્દો વાંચવાનું કહેશો.
- તમારૂં બાળક વાંચતું હોય ત્યારે જે શબ્દો તે આસાનીથી સહજ રીતે વાંચી ન શકે તેવા શબ્દોના ધ્વનિના ઉચ્ચાર કરવાનું કહેશો. તમારા બાળકને વધુ પડતી જહેમત ઉઠાવવા ન દેશો. તમારૂં બાળક સફળ થાય ત્યારે તેના અવશ્ય વખાણ કરશો.
- વાર્તા આગળ ચાલે તે માટે દરેક વાક્ય કે પાનું ફરીથી વાંચતા રહેશો. (તમારા બાળકની ઉર્જા શબ્દો વાંચવામાં વપરાઈ જશે, વાર્તા વાંચવામાં નહી.)
- તમારા બાળકને તસવીરો જોઈને શબ્દોનું અનુમાન કરવાનું ના કહેશો.
- બધુ ધીરજ અને પ્રેમથી કરશો!

બાળકોમાં વાર્તાઓ પ્રત્યે ચાહના કેળવવા માટે અમે દરરોજ સ્કૂલમાં વાર્તા-સમય રાખીયે છીયે. અમે આશા રાખીયે છીયે કે તમે પણ આમ જ તમારા બાળકને રોજ સુતી ટાણે વાર્તા વાંચી સંભળાવવાનો સમય રાખશો. અમારી સ્કૂલમાં તમને ઉધાર લઈ જવા માટે અવનવા પુસ્તકો છે.

## 2. તમારા બાળકને **Storybooks** વાંચવામાં મદદ કરો

### Black and White Storybooks

તમારું બાળક એક *Read Write Inc. Phonics* બ્લેક એન્ડ વ્હાઈટ Storybook ઘરે લઈ આવવાનું ચાલુ રાખશે. આ તેણે સ્કૂલમાં વાંચેલી હોય તે રંગીન આવૃત્તિની કોપી છે.





તમારા બાળકે તેના વાંચન શિક્ષકની સાથે આ વાર્તા ત્રણ વખત વાંચી લીધેલ હશે, તેથી તે આ વાર્તા આત્મવિશ્વાસપૂર્વક વાંચી શકવું જોઈએ.

આ પુસ્તકોમાં તેને સંબંધિત પ્રવૃત્તિઓ કેવી રીતે અનુસરવી તેનો સંક્ષિપ્ત ખુલાસો આપેલ છે.

### Book Bag Books

તમારું બાળક એક Book Bag Book પણ કદાચ ઘરે લાવે. તે પુસ્તક તેણે તાજેતરમાં વાંચી હોય તે Storybookમાંના વિચારો (આઈડ્યા) અને ઘણાં શબ્દો આગળ ધપાવે છે. આ પુસ્તક વાંચવામાં તમારા બાળકને વધુ મદદની જરૂર પડશે.




ફરીથી, આ પુસ્તકોમાં પણ તેને સંબંધિત પ્રવૃત્તિઓ કેવી રીતે અનુસરવી તે સમજાવવામાં આવેલ છે.





## 1. તમારા બાળકને **Sets 2 and 3 Speed Sounds** વાંચવામા મદદ કરો.

તમારું બાળક Set 2 અથવા Set 3 Speed Sounds cards કે *My Sets 2 and 3 Speed Sounds Book* ઘરે લઈ આવશે.

તમારા બાળકને ધ્વનિ યાદ રાખવામાં મદદ થાય તે માટે દરેક ધ્વનિ સાથે એક તસવીર અને શબ્દસમૂહ હોય છે. દાખલા તરીકે:

- 'ay'ના ધ્વનિ સાથે 'May I play?' શબ્દસમૂહ અને બાળકો સાથે મળીને રમતા હોય તેવી તસવીર છે.
- 'ee' ના ધ્વનિ સાથે 'What can you see?' શબ્દસમૂહ અને ઝાડ પર બે છોકરાઓ હોય તેવી તસવીર છે.






## Set 2 Speed Sounds cards નો પ્રયોગ

સર્વપ્રથમ, આ ધ્વનિઓ **ay ee igh ow oo** શોધો.

1. તસવીરવાળી બાજુ ઊપર રાખીને તમારા બાળકને દરેક કાર્ડ પરનો શબ્દસમૂહ વાંચવાનું કહો, અને દરેક વખત ઝડપ વધારતા જાઓ.
2. તમારા બાળકને અક્ષરોવાળી બાજુના ધ્વનિઓ ઉચ્ચારવાં મદદ કરો, દરેક વાર ઝડપ વધારતા જાઓ. જો તે ભૂલી જાય, તો ફરીથી તસવીરવાળી બાજુ ફેરવો. જ્યારે તમારૂં બાળક પાછળ ફેરવીને તપાસ્યા વગર ધ્વનિઓ ઉચ્ચારી શકે, ત્યારે ઝડપ વધારો!
3. આ પ્રયોગ આ ધ્વનિઓ ***oo*** **ar or air ir ou oy** સાથે વારંવાર કરો અને પછી આ ધ્વનિ કાર્ડ ઊપરના કાર્ડ સાથે ભેળવી દો. જ્યાં સુધી તમારૂં બાળક આ 12 ધ્વનિઓ ઝડપથી અને આત્મવિશ્વાસપૂર્વક વાંચી ન શકે ત્યાં સુધી આની પ્રેક્ટિસ કરતા રહો.




ક્લાસમાં Speed Sounds શીખવા વિશે.


## Using the Set 3 Speed Sounds cards

First, in the pack, find the sounds: **ea oi a-e i-e o-e u-e**

1. તસવીરવાળી બાજુ ઊપર રાખીને તમારા બાળકને દરેક કાર્ડ પરનો શબ્દસમૂહ વાંચવાનું કહો, અને દરેક વખત ઝડપ વધારતા જાઓ.
2. તમારા બાળકને અક્ષરોવાળી બાજુના ધ્વનિઓ ઉચ્ચારવાં મદદ કરો, દરેક વાર ઝડપ વધારતા જાઓ. જો તે ભૂલી જાય, તો ફરીથી તસવીરવાળી બાજુ ફેરવો. જ્યારે તમારૂં બાળક તપાસવા માટે ફેરવ્યા વગર ધ્વનિના ઉચ્ચારણ કરી શકે ત્યારે ઝડપ વધારો!
3. આ પ્રયોગ **aw are ur er ow ai oa ew** સાથે વારંવાર કરો અને પછી આ ધ્વનિ કાર્ડ ઊપરના કાર્ડ સાથે ભેળવી દો. જ્યાં સુધી તમારૂં બાળક આ 14 ધ્વનિઓ ઝડપથી અને આત્મવિશ્વાસપૂર્વક વાંચી ન શકે ત્યાં સુધી આની પ્રેક્ટિસ કરતા રહો.
4. આ ધ્વનિઓ **ire ear ure** સાથે આ પ્રયાગ ફરીથી કરો.

## My Sets 2 and 3 Speed Sounds Book નો પ્રયોગ

તમારા બાળકને પુસ્તકના પાના ફેરવવાનું અને બની શકે તેટલી ઝડપથી ધ્વનિઓ ઉચ્ચારવાનું કહો. જો તમારૂં બાળક કોઈક ધ્વનિ ઉચ્ચારતા અચકાય તો ફરી યાદ કરવા માટે પાછળ તસવીર તો છે જ. તમારૂં બાળક તે જ પાના પર ધ્વનિ લખવાની પણ પ્રેક્ટિસ કરી શકે છે.




*My Sets 2 and 3 Speed Sounds Book* માં ધ્વનિઓ વાંચવા અને લખવાની પ્રેક્ટિસ કરો.